

**Long-Term Care Home Update**

*Community Newsletter*

Lakeridge Health

## જુલાઈ 2021

### જુલાઈમાં ઘરની પ્રગતિ પર એક નજર

28મી જુલાઈ, 2020નાં દિવસે (આજથી લગભગ એક વર્ષ પહેલાં!), ઑન્ટેરિયોની સરકારે એક્સેલરેટેડ બિલ્ડ પ્રોસેસ (ઝડપથી નિર્માણ કરવાની પ્રક્રિયા)નો ઉપયોગ કરીને Ajax Pickering Hospitalની બાજુમાં નવા લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબાગાળાની સંભાળ માટેના ઘર)નું નિર્માણ કરવા Lakeridge Health and Infrastructure Ontario સાથે સહયોગી ભાગીદારી કરવાની જાહેરાત કરી હતી.

પ્રત્યેક સપ્તાહે ઘરને જીવંત થતું જોવું એ Lakeridge Health માટે તેમજ સમગ્ર Durham સમુદાય માટે એક અત્યંત લાગણીને ઉત્તેજનારો સમય બની રહ્યો છે, અને તમે કદાચ જોયું હશે અને સાંભળ્યું હશે તેમ, બાંધકામ ત્વરિત ગતિએ આગળ ધપી રહ્યું છે.

જૂનમાં, અમારા બાંધકામનાં ભાગીદાર, PCL Constructionએ ચોથો માળ પૂર્ણ કર્યો અને પાંચમાં માળ પર વૉલ બીમ્સ અને ફ્લોર પૅનલો બેસાડવાનું શરૂ કર્યું. જેમ-જેમ PCL Constructionની ટુકડી, બન્ને પાંચમાં અને છઠ્ઠા માળને પૂર્ણ કરી રહી છે, તેમ-તેમ આ પ્રક્રિયા આગામી થોડા અઠવાડિયા સુધી ચાલુ રહેશે.

છેલ્લા છઠ્ઠા માળની પરિપૂર્ણતા એ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે તે ઘરનાં માળખાંની પૂર્ણતાને સૂચવે છે. આનાં પછી, સંઘ તેનું ધ્યાન ઘરનાં અન્ય નિર્ણાયક ઘટકો ઉપર કેન્દ્રિત કરશે, જેમાં ઘરની HVAC system તેમજ દીવાલની બહારનાં ભાગને આવરી લેતી રક્ષણાત્મક સામગ્રી તેમજ દીવાલની પૅનલોનો સમાવેશ થાય છે. બાંધકામ જ્યારે પૂર્વનિર્ધારિત અપેક્ષા અને સમય પ્રમાણે ચાલી રહ્યું છે, ત્યારે અન્ય રોમાંચક ઘટનાક્રમો અંગે પણ નોંધ લઈએ. વધુ નિર્દિષ્ટ રીતે, ઘરનાં પાર્કિંગ ગૅરેજ પર કામ શરૂ થઈ ચૂક્યું છે તેમજ અનેક ક્રેનો પૈકીની એક ક્રેનને આ મહિનાની આખરમાં વિખેરી નાંખવામાં આવશે અને કામનાં સ્થળ પરથી દૂર કરવામાં આવશે.

એક વાર પૂર્ણ થયા પછી, નવું 320–બેડનું ઘર આધુનિક ડિઝાઈનનો સમાવેશ કરવાની સાથોસાથ ચેપ નિવારણ અને નિયંત્રણ માટેનાં શ્રેષ્ઠ પ્રયાસો હાથ ધરશે, કે જેનાંથી આપણા ક્ષેત્રનાં વરિષ્ઠ લોકો તેમજ ઘરમાં ભવિષ્યની ટુકડીનાં સભ્યો માટે એક સલામત અને સ્વાસ્થ્યપ્રદ સ્થળ અંગે ખાતરી પ્રદાન કરશે.



*17મી જુલાઈ, 2021નાં દિવસે છઠ્ઠે માળે કામ કરી રહેલ સંઘ*

## Cheyanne Hammellને મળો: લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબાગાળાની સંભાળ માટેના ઘર)નાં બાંધકામમાં સામેલ અનેક નેતાઓ પૈકીનાં એક નેતા

આ મહિનાનાં સામુદાયિક સંવાદપત્રમાં, અમે તમને અસાધારણ ટુકડીનાં *અનેક* સભ્યો પૈકીનાં એક સભ્યની ઓળખ કરાવવા ઈચ્છીએ છીએ કે જેઓ નવા લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબાગાળાની સંભાળ માટેનું ઘર) બનાવવામાં કાર્ય કરી રહ્યાં છે.

Cheyanne Hammell એ PCL Constructionમાં પરિયોજના પ્રબંધક છે અને હાલમાં Lakeridge Healthનાં લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેના ઘર)નાં ડિઝાઈનની દેખરેખ રાખે છે. Cheyanne એક એવી માર્ગદર્શક અને નેતા છે કે જેમણે સમગ્ર Greater Toronto Regionમાં અનેક પરિવર્તનશીલ બાંધકામની પરિયોજનાઓની આગેવાની કરેલી છે. તાજેતરમાં, તેણીનું નામાંકન 2021 Women's Leadership Initiative Championship Teamનાં સૌથી નવા સભ્યો પૈકીનાં એક સભ્ય તરીકે કરવામાં આવ્યું હતું. Championship Team Toronto ક્ષેત્રમાં એવા-એવા સ્ત્રી નેતાઓને અને પ્રભાવશાળી વ્યક્તિઓને પસંદ કરે છે કે જેમણે શહેરનાં જમીન જાગીર અને વિકાસમાં ફાળો પ્રદાન કર્યો હોય છે.



*Ajax Pickering Hospitalમાં નવું લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેના ઘર)ની બહાર Cheyanne Hammell.*

પ્રવર્તમાનમાં કામ માટે ઉપલબ્ધ માણસોની સંખ્યા અંદાજે 220 કામદારો હોવાની સાથે, Cheyanne એ એવી મોટા પાયે કામ કરતી બહુશાખાકીય ટુકડીનો નિર્ણાયક ભાગ છે કે જે આ પ્રેરણાદાયી નવી ઈમારતને સર્જીને તેનું બાંધકામ કરવા સાથે મળીને કામ કરી રહી છે કે જે છેવટે આપણા સમુદાયના મહત્ત્વપૂર્ણ સભ્યો, તેમનાં પરિવારજનો અને કર્મચારી-વર્ગ માટે એક ઘર લેખાશે કે જેનાંથી તેઓની કાળજી લેવાશે. Lakeridge Health આ પ્રક્રિયાનો ભાગ બનવા માટે પ્રસન્ન છે અને તે Cheyanne તેમજ પ્રત્યેક ટુકડીનાં સભ્યનો આભાર માનવા ઈચ્છે છે, અને સાથોસાથ સમગ્ર Durham Regionમાં વસતા અમારા સ્વાસ્થ્ય સંભાળ અને સમુદાયનાં ભાગીદારો અને નિવાસીઓનો પણ કે જેમણે ઘર અને તેનાં વિકાસમાં અભિરુચિ દર્શાવી છે અને ફાળો પ્રદાન કર્યો છે.

## મુલાકાતી તેમજ બાંધકામની ટુકડીનાં પાર્કિંગ બાબતેની છેલ્લામાં છેલ્લી માહિતી

અત્યાધુનિક લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબાગાળાની સંભાળ માટેનું ઘર) ઉપરાંત, બન્ને, નવું ઘર અને હૉસ્પિટલ માટે કર્મચારી-વર્ગ, દર્દી અને મુલાકાતી વાહનોનો સમાવેશ કરવા માટે, નિર્માણકાર્ય નવું 532-જગ્યાવાળું પાર્કિંગનાં બાંધકામનો પણ સમાવેશ કરે છે. નવા પાર્કિંગનાં ગૅરેજમાં બાંધકામ ચાલુ હોવાથી, Ajax Pickering Hospitalમાં East Parking Lotની નજીક મુલાકાતી તેમજ કર્મચારી-વર્ગ માટે કેટલાક ચકરાવાવાળા માર્ગ અને ઘટી ગયેલી જગ્યાનો સામનો કરવો પડશે.

અમે Barr Road અને Monarch Avenueનાં રસ્તાનાં વળાંકની નજીક માન્ય શરતી ઉપયોગથી સંઘને પાર્ક કરવા માટે છૂટ મળી શકે એ સંદર્ભેની છેલ્લામાં છેલ્લી માહિતી પણ મે મહિનામાં જણાવી ચૂક્યા છીએ. આ જગ્યા, કે જેને એક સ્થાનિક પારિવારિક ધંધો કરનાર દ્વારા ઉદારતાપૂર્વક દાન કરવામાં આવી છે, સ્થળ પર બાંધકામ કરનારા કર્મચારી-વર્ગ દ્વારા તેમનાં પોતપોતાનાં અંગત વાહનોને પાર્ક કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. અમે એવી અપેક્ષા સેવીએ છીએ કે નવા પાર્કિંગ સ્થળનો ઉપયોગ આગામી થોડા મહિનાઓમાં વૃદ્ધિ પામશે. એકબાજુથી જ્યારે નવા પાર્કિંગનું સ્થળ એકદમ નજીક આવેલા નિવાસી રસ્તાઓ વાહનોની અવરજવરને નિયંત્રણમાં રાખશે, ત્યારે બીજી બાજુ અમને એવી અપેક્ષા છે કે કામદારો સ્થળ પરથી અવરજવર કરતા હોવાથી ફુટપાથ પર પગેથી ચાલીને આવતાજતા લોકો તેમજ Clements Woodlotની પગદંડીમાં આવનજાવન વધતી રહેશે.

જો અમારા પાડોશીઓ, મુલાકાતીઓ અને કર્મચારી-વર્ગને આ પાર્કિંગમાં થયેલા ફેરફારોને કારણે કોઈ અગવડતાનો સામનો કરવાનો વારો આવશે, તો અમે એ બાબતે ક્ષમા માગીએ છીએ. અમે આવનારા સપ્તાહોમાં અતિરિક્ત ક્ષમતા પૂરી પાડવા માટે વચગાળાનાં ઉકેલોને વિકસાવી રહ્યાં છીએ. તમે ધીરજ રાખી એ બદલ તમારો આભાર તેમજ ઘરનાં બાંધકામ સાથે સંબંધિત જો તમારે કોઈ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરવા બાબતે કોઈ ખચકાટ કરશો નહીં.

### સંપર્કમાં રહો

અમે સમજી શકીએ છીએ કે Durham Region માટે નવું લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબાગાળાની સંભાળ માટેનું ઘર) કેટલુંક મહત્ત્વપૂર્ણ છે. ઘરનાં બાંધકામ બાબતે સૌથી તાજેતરની માહિતીથી વાકેફ રહેવા માટે:

- **lakeridgehealth.on.ca** પર આમારી વેબસાઈટની મુલાકાત લો
- કોઈ પ્રશ્નો અથવા પૂછપરછ હોય તો **905-576-8711** એક્સટેન્શન **34167** પર કૉલ કરો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો
- તમે અમને Twitter અને Facebook પર પણ અનુસરી શકો છો